# પ્રાંતિજમાં સરકારી ઓડીટરની ઓફિસને મકાન માલિકે તાળુ માર્યું

પ્રાંતિજ, તા. ૧૧ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના રેલવે સ્ટેશન વિસ્તાર રોડ ઉપર આવેલ કબીરભુવન ખાતે આવેલ છેલ્લા ૩૬ વર્ષથી ભાડા પેટે આવેલ સહકારી ઓડીટરની ઓફિસને મકાન માલિક દ્વારા છેલ્લા પાંચ વર્ષથી ખાલી કરવાનું કહેતા ઓફિસ સત્તાધિશો દ્વારા ખાલી ના કરતાં મકાન માલિકે ઓફિસને તાળુ માર્યુ.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ કબીર ભુવન ખાતે આવેલ પ્રાંતિજ તાલુકાના સહકારી મંડળીઓની ઓડીટર ઓફિસ કે જે ૧૯૮૦થી પ્રાંતિજ કબીર ભુવન ખાતે કાર્યરત છે જે મકાન માલિક નારણભાઈ દ્વારા છેલ્લા સાત વર્ષથી ઓફિસ સત્તાધિશોને ખાલી કરવા બાબતે ગાંધીનગર, અમદાવાદ, પ્રાંત ઓફિસ ખાતે પત્ર વ્યવહાર તથા રૂબરૂમાં રજુઆત તથા વકીલ દ્વારા નોટીસ મારફતે રજુઆતો કરવા છતાં નઠોર તંત્ર બેદરકારી કરી મગને માથે મરી નથી મુકતો જેથી મકાન માલિક દ્વારા ઉચ્ચકક્ષાએ રજુઆત કરવા છતાં ઓફિસના અધિકારીઓ દ્વારા આજનું કાલ કરતાં આજદિન સુધી ખાલી ન કરતા છેવટે મકાન માલિકે ઓફિસને તાળુ માર્યુ. જ્યારે ઓફિસમાં બારીમાંથી તપાસ કરતાં રેકોર્ડના પોટલીઓ તથા ખુરશી ટેબલ ઉપર એક ઈંચ રેતીના થર જામ્યાં છે. ત્યારે સરકાર દ્વારા સ્વચ્છતા અંગેની આટલી આટલી જાહેરાતો ઉપર પાણી ફરી વળ્યું છે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે આ અંગે તંત્ર ક્યારે મકાન ખાલી કરશે અને મકાન માલિકને મકાન પરત ક્યારે આપશે એ હવે જોવાનું રહ્યું.




## ઓડિટર અધિકારી જે. જે. મનસુરીનું શું કહેવું છે

અધિકારીનું કહેવું છે કે અમે તાલુકા સેવાસદન તથા જુના મકાનની પણ માંગણી કરેલ છે પણ કોઈ જગ્યાએ જગા ફાળવવામાં આવતી નથી. અને વર્ષો જુનુ ભાડુ હોવાથી મકાન માલિકે તાળુ માર્યુ છે અને આજે પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાને પણ રજુઆત કરી છે અને બે ત્રણ દિવસમાં સુખદ ઉકેલ લાવવાની ખાતરી આપી છે.



## અનેકવાર રજુઆતો કરવા છતાં મકાન ખાલી ન કરતાં સત્તાધિશોની મનમાની : ઓફિસમાં રેકોર્ડ પર એક ઈંચ ધુળના થર જામ્યા છે : હાલ તો ઓફિસ બંધ રહેતા ઓડિટર સહિત સ્ટાફ ફરતો થઈ ગયો



### રાજેન્દ્રનગર ચોકડી નજીક શાકભાજી ભરેલી ટ્રક ગોથુ ખાઈ ગઈ

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા મોડાસા તાલુકાની રાજેન્દ્રનગર ચોકડી નજીક રવિવારે સાંજના સુમારે રાજસ્થાનથી શાકભાજી અને ફ્રુટ ભરી પસાર થતી ટ્રક (નં. આરજે૧૪.જીસી૦૭૨૨)ના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રક રોડ પર ગોથુ ખાઈ જતા પલટી ગઈ હતી. ટ્રકની અંદર ભરેલો શાકભાજી અને ફ્રુટનો જથ્થો રોડ પર વેરવીખેર થઈ ગયો હતો. રોડ પર ટ્રક પલટી જતા નેશનલ હાઈવે પર ટ્રાફિકજામના દશ્યો સર્જાયા હતા. સદનસીબે જાનહાની ટળતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. અકસ્માતની જાણ થતા ટ્રકમાલિક દ્વારા ટ્રકમાં રહેલી અને રોડ પર પડેલી શાકભાજી અન્ય ટ્રકમાં ભરીને સલામત સ્થળે ખસેડી લીધી હતી.

## ઊંઝામાં પ્રિ મોન્સુન પ્લાન સંદર્ભે તંત્રની આળસુનીતિ

રાજ્યમાં ચોમાસુ ઋતુમાં સંભવિત આફતને પહોંચી વળવા જિલ્લા અને તાલુકા કક્ષાએ પ્રિ. મોન્સુન પ્લાન સંદર્ભે આયોજન કરીને તંત્રોને સુસજ્જ અને સર્તક રહેવાના આદેશો અપાય છે. ત્યારે ઊંઝા તાલુકામાં પ્રિ મોન્સુન પ્લાન સંદર્ભે વિવિધ સરકારી ખાતાઓ અને પાલિકા દ્વારા જે આગોતરૂ આયોજન થવું જોઈએ તે હજી સુધી થયું હોય તેમ જણાતુ નથી.

ઊંઝા શહેરમાં છેલ્લા કેટલાક વર્ષોથી વરસાદી પાણીના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવતી નથી. પરિણામે ચોમાસા દરમિયાન શહેરના મુખ્ય જાહેર રાજમાર્ગો તેમજ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં લોકોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે. શહેરમાં હાઈવેની બાજુમાં વરસાદી પાણીના નિકાલ માટેની લાંબી કેનાલ બનાવવામાં આવેલ છે. પરંતુ આ કેનાલમાં કચરો નંખાય છે. તેને અટકાવવામાં આવતો નથી. અન સમયાંતરે કેનાલમાંથી કચરાની સાફ સફાઈ કરવામાં આવતી નથી. જેથી કેનાલમાંથી પાણીનો યોગ્ય નિકાલ થઈ શકતો નથી. અને પાણી કેનાલમાં જ ભરાયેલુ રહેતા કચરાને લીધે ગંદકી અને દુર્ગંધ ફેલાય છે.

હાલ અંડરબ્રિજ પાસેની કેનાલમાં કચરાના ઢગ ખડાયેલા લોકોને નજરે પડે છે. પરંતુ પાલિકાને આ દેખાતુ નથી. પાલિકાના ચીફ ઓફિસર શહેરના જુદા જુદા વિસ્તારોમાં રાઉન્ડ લેતા નથી તેવી લોક ફરીયાદો ઉઠી છે.

### હિંમતનગરની પરિણીતાને ત્રાસ આપતા ફરિયાદ

હિંમતનગર, તા.૧૧ સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના વૈશાલી સિનેમા પાછળ રહેતા પારૂલબેન સિધ્ધરાજભાઇ પરમારને તેમના પતિ દ્વારા છેલ્લા બે વર્ષથી શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. તેમજ સિધ્ધરાજસિંહ દારૂ પીને ઘરે આવીને પારૂલબેનને ગાળો બોલી મારઝૂડ કરતા હતા તેમજ તેમણે ગત તા.૮ જુલાઇના રોજ પારૂલબેન પર કેરોસીન છાંટી દીવાસળીથી સળગાવી દઈ જાનથી મારી નાખવાની કોશિષ કરતા પારૂલબેનને સારવાર માટે હિંમતનગર સિવિલમાં દાખલ કરાયા હતા. ત્યારબાદ તેણીએ પતિ વિરૂધ્ધ રવિવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### બ્રહ્માણીનગરમાંથી ૪૦ હજારનું બાઈક ચોરાયું

હિંમતનગર, તા.૧૧ સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં આવેલ બ્રહ્માણીનગરમાં રહેતા લાલજાભાઇ હેમરાજભાઇ રબારીનું ગત તા.૬ જુલાઇના રોજ અજાણ્યો શખ્સ રૂા.૪૦ હજારની કિંમતનું બાઈક નં.જીજે.૯. સીઆર. ૬૭૭૦ની ચોરી કરી લઇ ગયો હતો. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા લાલાભાઇ રબારીએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ રવિવારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## ભિલોડાના રામનગર ગામમાં દિપડાનો આતંક



### એક પશુનું મારણ : પશુપાલકોમાં ભયની લાગણી પ્રસરી : ખેડુતો ભયભીત

ભિલોડા,તા.૧૧ અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ રામનગર ગામ સહિત આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારમાં વન્ય હિંસક પ્રાણી દિપડાનો આતંક દિન-પ્રતિ-દિન વધતાં પશુ-પાલકો, ખેડુતો અને પ્રજાજનો ભયભીત બન્યા છે. રામનગર ગામના પશુપાલક ધુળીબેન ડાહ્યાભાઈ પટેલના તબેલામાં બાંધેલી એક વર્ષની પાડીને દિપડાએ શિકાર બનાવી મારણ કરતાં પશુપાલકો ભયભીત બન્યા છે. રામનગર ગામના અગ્રણી હસમુખભાઈ ગૌસ્વામીએ ભિલોડા વન વિભાગમાં આર.એફ.ઓ. બી.એમ.ઠાકોરને જાણ કરતાં તાબડતોબ વન વિભાગના સ્ટાફ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. રામનગર પંથકમાં છેલ્લા ચાર-છ મહિનાથી દિપડાએ આતંક મચાવી રહ્યો છે. રામનગર ગામના સામાજીક કાર્યકર સંકેતભાઈ ચૌધરીએ ભિલોડા વન વિભાગમાં વારંવાર ઉગ્ર ધારદાર રજુઆતો કરતાં આખરે ભિલોડા વનવિભાગના આર.એફ.ઓ. ધ્વારા દિપડાને ઝડપી લેવા પાંજરૂ મુંકાયું હતું. ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારના રામનગર પંથકના ખેડુતો, પશુપાલકો અને પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

### લીખી ગામે ઘાંટી કટીંગનું ખાતમુર્હૂત કરાયું

હિંમતનગર, તા.૧૧ સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના લીખી ગામે સોમવારે હિંમતનગરના ધારાસભ્યની ઉપસ્થિતિમાં ઘાંટી કટીંગનો પ્રારંભ કરાયો હતો. જેના કારણે ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાના પ્રયાસથી લીખી ગામે ઘાંટી કટીંગ માટે રાજય સરકાર દ્વારા રૂા.૫૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવતા સોમવારે તેનું ખાતમુર્હૂત કરવામાં આવ્યુ હતું. ઉપરાંત કઠવાડીયા, ડભાલ, તિતપુર, રામપુર, જાંબુડીના રસ્તાઓ માટે સુવિધાપથ યોજના અંતર્ગત સીસી રોડના કામો મંજુર કરાયાની જાહેરાત કરાયા બાદ ધારાસભ્યએ તેનું પણ ખાતમુર્હૂત કર્યુ હતું.

### વાંકાનેર છાપરા ગામે આધેડને ઝેરી સાપે ડંખ મારતાં મોત

ભિલોડા,તા.૧૧ ભિલોડા તાલુકાના વાંકાનેર છાપરાં ગામમાં રહેતા વિરેન્દ્રભાઈ સુરજીભાઈ બળેવા,ઉંમર વર્ષ આશરે ૪૭ ને રવીવારે ઘર પાસે ભરેલા ઘાસચારો પશુઓ માટે લેવા જઈ રહ્યા હતા ત્યારે ઘાસમાં પડી રહેલા ઝેરી સાપેએ એકા-એક ડંખ મારતાં તેઓને સારવાર અર્થે ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં લવાયા હતા. સારવાર દરમ્યાન તેઓનું મૃત્યું થતાં સાથે આવેલ પરીવારજનોએ ભારે રોકકડ મચાવી દેતાં સૌની આંખોમાં આસુ ભરાયા હતા.



### પ્રાંતિજના ફતેપુર ગામે રાંધણ ગેસની કિટનું વિતરણ

સાબરકાંઠા જીલ્લાના પ્રાંતિજ તાલુકાના ફતેપુર ગામે બી.પી.એલ. લાભાર્થીઓને ગેસની સગડી સહિતના કિટોનું વિના મુલ્યે વિતરણ કરવાનો કાર્યક્રમ તા.૭ મી જુલાઈ ના રોજ સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્કના ચેરમેન અને સહકારી આગેવાન મહેશભાઈ અમીચંદભાઈ પટેલના હસ્તે વિતરણ કરવામાં આવ્યુ હતું. તેમજ જનસંઘના સ્થાપક શ્યામાપ્રસાદ મુખરજીની રાષ્ટ્ર સેવાની કામગીરીની સમીક્ષા કરી વંદે ભારત, વંદે ગુજરાતનો કાર્યક્રમ દબદબા પૂર્વક સંપન્ન થયો હતો. બી.પી.એલ. લાભાર્થી તેમજ ગરીબોને ઉજવલા યોજનાનો વિશેષ લાભ કેન્દ્ર અને રાજ્ય સરકાર મારફતે આપવામાં આવે છે.

## અરવલ્લીમાં વિકાસના કામોને મંજુરી મળતાં પ્રજાજનોમાં આનંદ

ભિલોડા,તા.૧૧ અરવલ્લી જીલ્લાની આયોજનની બેઠકમાં વિકાસના કામોની વિકાસલક્ષી મંજુરી મળતાં અરવલ્લી જીલ્લાના પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે. અરવલ્લી જીલ્લા આયોજનની મળેલ બેઠકમાં વિવેકાધીન ખાસ અંગુભૂત યોજના પાંચ ટકા પ્રોત્સાહક જોગવાઈ અને ભૌગોલિક પછાત વિસ્તારની જોગવાઈ, ગ્રામીણ વિસ્તારની જોગવાઈ, ગ્રામીણ વિસ્તારોમાં મુળભુત જરૂરીયાતવાળા અગત્યના વિકાસલક્ષી કામોને મંજુરી આપવામાં આવી છે. અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘીના જણાવ્યા મુજબ ભિલોડા તાલુકામાં ગ્રામીણ વિસ્તારના સરપંચો, તાલુકા પંચાયત સદસ્યો અને તાલુકાના પ્રજાજનોની રજુઆતો ને ધ્યાને લઈ જરૂરીયાત વિકાસના કામો જેવા કે, સી.સી.રોડ, શાળાના ઓરડા, પાણીની પાઈપ લાઈનો, ગરનાળા, ગટર વ્યવસ્થા, હવાડા વિગેરે કામોનો સમાવેશ થાય છે.

આ વિકાસલક્ષી કામો તાકીદે અગ્રતાના ધોરણે શરૂ કરવા અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘીએ અરવલ્લી જીલ્લા આયોજન અધિકારીઓને લેખિત રજુઆત કરી હતી. ગ્રામીણ વિસ્તારના વિકાસના કામોને મંજુરી મળતાં અરવલ્લી જીલ્લાના પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.

# અંધ ક્રિકેટ વર્લ્ડ કપ ભારતને જીત અપાવનાર લુસડીયાના અંધ ક્રિકેટને જીવન નિર્વાહ માટે ફાફા

મોડાસા, તા. ૧૧ ભારત દેશમાં ક્રિકેટ રમતા ખેલાડીઓને ક્રિકેટપ્રેમીઓ ભગવાનની નજરે



નિહાળી રહ્યા છે. ભારતીય ટીમમાં સ્થાન મેળવવા હજ્જારો ખેલાડીઓ રાત-દિવસ એક કરી મહેનત કરી રહ્યા છે. આની પાછળ મહત્વનું પરિબળ ક્રિકેટરોની કરોડો રૂપિયાની આવક અને ભારતીયો દ્વારા મળતો પ્રેમ અને જાહોજલાલી છે. બીજીબાજુ અંધજન ક્રિકેટ રમતા ખેલાડીઓની હાલત કફોડી છે. તેમને જીવનનિર્વાહ ચલાવવા રીતસરના ફાફા પડી રહ્યા છે. સરકારી તંત્ર અને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડની ભેદભાવની નીતિથી અંધજન ક્રિકેટરોને ભારે અન્યાયનો સામનો કરવો પડી રહ્યો છે. ભારતને અંધજન ક્રિકેટમાં સમગ્ર દુનિયામાં ઉચ્ચકક્ષાએ લઈ જનાર અને ૨૦૧૨ વિશ્વકપ ટી-૨૦ અને વર્લ્ડકપ તેમજ ૨૦૧૪માં સાઉથ આફ્રિકામાં રમાયેલી મહત્વની ટૂર્નામેન્ટમાં વિશ્વવિજેતા બનાવનાર અરવલ્લી જિલ્લાના શામળાજી નજીક આવેલા લુસડીયા ગામના ક્રિકેટર (અંધજન) વિકાસ પટેલને કોઈ જ આર્થિક મદદ ન મળતા અંધજન ક્રિકેટરને જીવનનિર્વાહ ચલાવા ફાંફા મારવા પડે છે.

અરવલ્લી જિલ્લાના લુસડીયા ગામના અને લુસડીયા ગામમાં ધોરણ-૧૨ સુધી અભ્યાસ કરનાર અને જન્મજાત દૃષ્ટિહિન હોવા છતાં ક્રિકેટના લગાવના લીધે કુદરતી ખામીને મહાત આપી અંધજન ક્રિકેટમાં ડંકો વગાડનાર વિકાસ પટેલને જીવનનિર્વાહ ચાલાવવા મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અંધજન ક્રિકેટમાં વિકાસ પટેલે જિલ્લા કક્ષાએ, રાજ્ય કક્ષાએ તેમજ નેશનલ લેવલે ક્રિકેટની રમતમાં સફળતા મેળવતા ઓલરાઉન્ડર તરીકે ભારતીય અંધજન ક્રિકેટમાં સ્થાન મેળવી ભારતીય ક્રિકેટ ટીમને ૨૦૧૨માં રમાયેલી ટી-૨૦ વિશ્વકપ, ૨૦૧૪માં રમાયેલ વર્લ્ડ કપ તેમજ સાઉથ આફ્રિકામાં રમાયેલી મહત્વની ટૂર્નામેન્ટમાં ભારતને વિશ્વવિજેતા બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમજ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે સન્માન મેળવનાર તેમજ વિશ્વ ક્રિકેટ જગતની હસ્તીઓ દ્વારા બહુમાન મેળવનાર અંધજન ક્રિકેટર વિકાસ પટેલની સરકારી તંત્ર દ્વારા તેમજ ગુજરાત ક્રિકેટ એસોસીએશન અને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા કોઈ નક્કર પગલા સરકારી સહાય કે અન્ય કોઈ મદદ ન મળતા તેમજ કોઈપણ સંસ્થા પણ આર્થિક મદદરૂપ ન બનતા વિકાસ પટેલ નાસીપાસ થઈ ગયા છે તેમજ ક્રિકેટ જગતને અલવીદા કહેવાનુ મન બનાવી લીધુ હોય તેમ ૨૦૧૫ ઈંગ્લેન્ડ ખાતે એપ્રિલ મહિનામાં રમાયેલ ટૂર્નામેન્ટ માટે પસંદગી થઈ હોવા છતાં સરકારી તંત્ર અને ક્રિકેટ બોર્ડની બેધારી નીતિથી કંટાળી ટૂર્નામેન્ટમાં ભાગ લેવાનું ટાળ્યું હતું.



અંધજન ક્રિકેટર વિકાસ પટેલના ગુરૂ વિલીયમ દેવાસીના જણાવ્યા અનુસાર વિકાસ પટેલે અંધજન ક્રિકેટ કક્ષાએ વિશ્વમાં ભારતમાં નામ રોશન કરતા ગૌરવની લાગણી અનુભવુ છું. પરંતુ સરકારી તંત્ર અને ક્રિકેટ બોર્ડ દ્વારા આજદિન સુધી વિકાસ પટેલને રોકડ રકમ કે ઈનામ આપવામાં ન આવતા અંધજન ક્રિકેટરની હાલત કફોડી બની ગઈ છે. ટી-૨૦ વર્લ્ડકપમાં એક વિશ્વકપ રમનાર અને ફક્ત ટીમમાં સમાવેશ થવા છતાં ક્રિકેટરો કરોડો રૂપિયાના આસામી બની ગયા છે. ત્યારે અંધજન ક્રિકેટર માટે જીવનિર્વાહ ચલાવવા પાઈ-પાઈ મેળવવા ફાંફા મારવા પડતા હોવાથી આગામી દિવસોમાં અંધજન યુવાનો ક્રિકેટની રમત રમવાનુ છોડી દે તો નવાઈ નહી.